નરમાશ અને ઉદારતા

એક આરબ ગ્રમવાસીએ ઈસ્લામ કબૂલ કર્યો. મસ્જિદે-નબવીમાં નમાઝ માટે આવ્યો. મસ્જિદના ખૂણામાં પેશાબ કરવા લાગ્યો. સહાબા કિરામ ﷺ એ જોયું, તો દોડીને ગયા, જેથી તેને અટકાવે અને આ અનુચિત કૃત્ય પર તેને શિક્ષા કરે. પરિસ્થિતિને જોઈને રસૂલુલ્લાહ ﷺ એ સહાબા કિરામને રોક્યા અને ફરમાવ્યું કે તેને જવા દો અને તેણે જ્યાં પેશાબ કરી છે તેના પર પાણી નાખી દો. અલ્લાહ તઆલાએ તમને લોકોને એટલા માટે પેદા કર્યા છે કે તમે લોકો માટે સરળતા પેદા કરો અને સહુલત પહોંચાડો, ન કે તેમના માટે મુશ્કેલીઓ અને સખતાઈઓ પેદા કરો. (બુખારી)

નરમાશ અને ઉદારતા માનવીનું આભૂષણ છે, જ્યારે કે ઉગ્રતા, ક્રોધ અને સખતાઈ અપ્રિય ગુણ છે. અલ્લાહ તઆલાએ દરેક મામલામાં નમ્રતા અને ઉદારતા અપનાવવાનો તથા સખતાઈ અને ઉગ્રતાથી બચવાનો આદેશ આપ્યો છે. ફરમાવ્યું :

﴿ خُذِ ٱلۡعَفۡوَ وَأۡمُرۡ بِٱلۡعُرۡفِ وَأَعۡرِضۡ عَنِ ٱلۡجَٰهِلِينَ ١٩٩ ﴾ الأعراف: ١٩٩

અનુવાદ : ''હે નબી ﷺ ! ઉદારતા અને દરગુજરની રીત અપનાવો, ભલાઈની શિખામણ આપો અને અજ્ઞાનીઓથી ન ઉલઝો.'' (સૂરઃ આ'રાફ, આ.૧૯૯)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ وَلَا تَسۡتَوِي ٱلۡحَسَنَةُ وَلَا ٱلسَّيِّئَةُۚ ٱدۡفَعۡ بِٱلَّتِي هِيَ أَحۡسَنُ فَإِذَا ٱلَّذِي بَيۡنَكَ وَبَيۡنَهُۥ عَدَٰوَةٞ كَأَنَّهُۥ وَلِيٌّ حَمِيمٞ ٣٤ ﴾ فصلت: ٣٤

અનુવાદ : ''હે નબી ﷺ ! ભલાઈ અને બૂરાઈ એક-સમાન નથી. તમે બૂરાઈને એ ભલાઈથી દૂર કરો જે સર્વોત્તમ હોય. તમે જોશો કે તમારા સાથે જેની દુશ્મની હતી, તે ગાઢ મિત્ર બની ગયો છે.'

(સૂરઃ ફુસ્સિલત, આ.૩૪)

નરમાશ અને ઉદારતા રસૂલુલ્લાહ ﷺ ના જીવન-ચરિત્રનું સૌથી વધારે ઉભરેલું પાસું છે. આપ ﷺ લોકો માટે સૌથી વધારે નરમ અને સુખ-સગવડોનું ધ્યાન રાખવાવાળા હતા. એક વાર એક આરબ ગ્રામવાસી આવ્યો અને કંઈક માંગવા લાગ્યો. પરંતુ તેની રીત અણઘડ અને તોછડી હતી. તેની ધૃષ્ટતાભરી રીત અને વલણ પર આપ ﷺ ને માઠું ન લાગ્યું અને આપ ગુસ્સે પણ ન થયા, બલ્કે હસતા રહ્યા. આપ ﷺ એ તેની તોછડી રીતને અણદીઠી કરી દીધી અને તેને ખાવા-પીવાની વસ્તુઓ આપી, જેને તે બે ઊંટ પર લાદીને લઈ ગયો. આપ ﷺ ના વ્યક્તિત્વમાં શુષ્કતા અને કંજૂસી ન હતી, બલ્કે કોમળતા અને ઉદારતા હતી. તેથી આપ ﷺ હઝરત હસન

www.uzairfalahi.com

અને હઝરત હુસૈન રઝિ.થી રમતા અને તેમને ચૂમતા, ત્યાં સુધી કે તેમના માટે ઘોડો બનીને ખભા પર ઉઠાવી લેતા. રસૂલુલ્લાહ ﷺ નો કોમળ સ્વભાવ અને ઉદારતા અને સહુલતને પસંદ કરવાના સંદર્ભમાં હઝરત આઈશા રઝિ. ફરમાવે છે કે આપ ﷺ હંમેશા બે કાર્યોમાંથી તેને જ અપનાવતા, જે સરળ હોતું. આપ ﷺ એ ક્યારેય પણ પોતાની જાત માટે કોઈનાથી બદલો નથી લીધો. હા, જો કોઈ વ્યક્તિ અલ્લાહે નિર્ધારિત કરેલ સીમાઓનું ઉલ્લંઘન કરતો, તો તેને અવશ્ય સજા મળતી. (મુત્તફિક અલયહિ) રસૂલુલ્લાહ ﷺ પોતાના સહાબાને ફરમાવતા :

«يَسِّرُوا وَلَا تُعَسِّرُوا وَبَشِّرُوا وَلَا تُنَفِّرُوا»

અર્થાત્, લોકો માટે સરળતા પેદા કરો, કઠિનાઈઓ અને મુશ્કેલીઓ નહીં; લોકો માટે ખુશખબર આપવાવાળા બનો, ન કે તેમને ભયભીત કરવાવાળા અથવા ભગાડવાવાળા. (મુત્તફિક અલયહિ)

નરમાશ અને ઉદારતા માનવ-ચરિત્રનું એ આભૂષણ છે, જે સમગ્ર માનવતાને ઝગમગાવી દે છે. એ જ રીતે જ્યારે માનવીના આચાર-વિચારમાંથી આ ગુણ નીકળી જાય છે, તો માનવ-ચરિત્રને અણઘડ અને કદરૂપુ બનાવી નાખે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે નરમાશ અને ઉદારતા જ્યાં પહોંચે છે તેને સુશોભિત અને સુંદર બનાવી નાખે છે, અને જ્યાંથી નીકળી જાય છે તેને કઢંગું અને અણઘડ બનાવી નાખે છે. (મુસ્લિમ)

લોકોની સાથે નરમાશ અને ઉદારતાનો વ્યવહાર કરવો જોઈએ :

મુસલમાન જ્યારે કોઈ મામલો કરે છે તો તેનું વર્તન નરમાશ અને ઉદારતાનું હોય છે, ઉગ્રતા અને સખતાઈનું નહીં. રસૂલુલ્લાહ ﷺ પોતે નરમ હતા અને સખતાઈ અને કઠોરતાથી જોજનો દૂર હતા. તેની સાક્ષી કુર્આન આ પ્રમાણે આપે છે :

﴿ وَلَوْ كُنتَ فَظًّا غَلِيظَ الْقَلْبِ لَانفَضُّوا مِنْ حَوْلِكَ ﴿١٥٩﴾ ﴾ آل عمران: ١٥٩

અનુવાદ : ''...નહિં તો જો ક્યાંક તમે કઠોર સ્વભાવના અને પાષાણ-હૃદયી હોત તો આ સૌ તમારા પાસેથી વિખેરાઈ જતા.'' (સૂરઃ આલે ઈમરાન, ૧૫૯)

મુસલમાનનું વલણ કદાપિ એ ન હોવું જોઈએ કે તે લોકોની નબળાઈઓ પર મહેણાં-ટોણાં મારે અને તેમને ખરું-ખોટું કહે, બલ્કે તેનું વર્તન આવા પ્રસંગે પણ નરમ અને ઉદાર હોવું જોઈએ. મહેણાં-ટોણાંથી સુધારણાના બદલે નફરતનો માહોલ ઊભો થાય છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«لَا تُظْهِرِ الشَّمَاتَةَ لِأَخِيكَ، فَيَرْحَمَهُ اللهُ وَيَبْتَلِيكَ»

અર્થાત્, પોતાના ભાઈની મુસીબત પર ખુશીનું પ્રદર્શન ન કરો, ક્યાંક એવું ન થાય કે અલ્લાહ ત્આલા તેના પર દયા કરીને તેને મુક્તિ આપી દે અને તમને તેમાં ગ્રસ્ત કરી દે. (તિરમિઝી)

www.uzairfalahi.com

મુસલમાન લોકોને ગાળો નથી બોલતો, અપશબ્દો નથી કહેતો અને ન તો તેમની મુસીબતો પર ખુશી મનાવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«سِبَابُ الْمُسْلِمِ فُسُوقٌ، وَقِتَالُهُ كُفْرٌ»

અર્થાત્, મોમિનને ગાળ બોલવી 'ફિસ્ક' (દુષ્કૃત્ય) છે અને તેની હત્યા કરવી 'કુફ્ર' છે. (મુત્તફિક અલયહિ)

નોકર-ચાકર અને સેવકોની સાથે નરમાશ અને ઉદારતા :

રસૂલુલ્લાહ ﷺ નોકર-ચાકર અને સેવકોની સાથે અત્યંત નરમ અને ઉદારતાનું વર્તન કરતા હતા. આપ ﷺ એ લોકોને આદેશ આપ્યો કે જે પોતે ખાય એ જ પોતાના સેવકોને ખવડાવે, જે પોતે પહેરે એ જ પોતાના નોકર-ચાકરો અને સેવકોને પહેરાવે અને તેમના પર શક્તિથી વધારે બોજ ન નાખે અને જો ક્યારેક આવું હોય તો તેમની સહાયતા કરે. આપ ﷺ એ ફરમાવ્યું :

«مَنْ لَطَمَ مَمْلُوكَهُ، أَوْ ضَرَبَهُ، فَكَفَّارَتُهُ أَنْ يُعْتِقَهُ»

અર્થાત્, જેણે પોતાના ગુલામને થપ્પડ મારી અથવા તેની કોઈ બીજી રીતે માર-પીટ કરી, તો તેનો કફ્ફારો (મુક્તિ-દંડ) એ છે કે તેને આઝાદ કરી દે. (મુસ્લિમ)

પશુ-પક્ષીઓની સાથે પણ નરમાશ અને ઉદારતાનો વ્યવહાર કરવો જોઈએ :

ઈસ્લામ અકારણ કોઈપણ પ્રાણીને તકલીફ પહોંચાડવાથી રોકે છે. એક વાર હઝરત અનસ બિન માલિક رضي الله عنه એવા લોકોની પાસેથી પસાર થયા, જેઓ એક મુરઘીને બાંધીને તેને લક્ષ્ય બનાવીને નિશાન તાકતા હતા. હઝરત અનસ رضي الله عنه એ ફરમાવ્યું કે અલ્લાહના રસૂલ ﷺ એ કોઈપણ પ્રાણીને બાંધીને નિશાન તાકવાની મનાઈ કરી છે. (મુસ્લિમ) એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهما ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં જોયું કે કુરૈશના અમુક છોકરાઓ એક પક્ષીને પકડીને તેના પર તીરંદાજીનો અભ્યાસ કરી રહ્યા છે. છોકરાઓએ જ્યારે ઈબ્ને ઉમર رضي الله عنهما ને જોયા તો ભાગવા લાગ્યા. ઈબ્ને ઉમર رضي الله عنهما એ તેમને ઠપકો આપ્યો અને પૂછ્યું કે કોણ આવું કરી રહ્યું છે ? રસૂલુલ્લાહ ﷺ એ આવું કરવાવાળા પર ફિટકાર કરી છે કે કોઈ પ્રાણીને નિશાન બનાવવામાં આવે. (મુસ્લિમ) પશુ-પક્ષીઓની સાથે એ પણ નરમાશ અને ઉદારતા છે કે જો તેમને ઝબેહ કરવામાં આવે, તો છરીની ધાર તેજ કરી લેવામાં આવે, બુઠ્ઠી છરીથી ઝબેહ ન કરવામાં આવે. રસૂલુલ્લાહ ﷺ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ દરેક વસ્તુમાં 'ઇહસાન' (કોઈપણ કાર્ય ચરમ્ ઉત્કૃષ્ટતાથી કરવું) અનિવાર્ય ઠરાવેલ છે, ત્યાં સુધી કે તમે (યુદ્ધમાં) કતલ કરો, તો પણ સારી રીતે કતલ કરો. જ્યારે તમે કોઈ પ્રાણીને ઝબેહ કરો, તો સારી રીતે ઝબેહ કરો. પોતાની છરીની ધાર તેજ કરી લેવાનું રાખો. આ રીતે પોતાના ઝબેહ કરવાના પશુને આરામ પહોંચાડો. (મુત્તફિક અલયહિ) હદીસમાં આવે છે કે અલ્લાહ તઆલાએ એક વ્યક્તિની

www.uzaitalani.com

એટલા માટે મગફિરત કરી દીધી કે તેણે એક તરસ્યા કૂતરાને પાણી પીવડાવ્યું હતું અને એક સ્ત્રીને એટલા માટે જહન્નમમાં નાખી દીધી કે તેણે એક બિલાડીને બાંધી દીધી અને એ જ સ્થિતિમાં તે ભૂખ-તરસથી મરી ગઈ.

નિર્જીવોની સાથે નરમાશ અને ઉદારતા :

નિર્જીવોની સાથે નરમાશ અને ઉદારતા એ છે કે તેમના દુરુપયોગથી બચવામાં આવે, ચાહે પોતાના ઘરનો સામાન હોય કે બહારની કોઈ વસ્તુ. તેમને બિનજરૂરી તોડવામાં ન આવે, ન તેનો નાશ કરવામાં આવે અને ન તો તેનો દુરુપયોગ કરવામાં આવે. મૃદુતા, ઉચિત વ્યવહાર અને નરમાશની અત્યંત ફઝીલત (પુણ્ય) બતાવવામાં આવેલ છે. આપ ﷺ એ પોતાના ઉમ્મત (સમુદાય)ના લોકોને આના પર પ્રોત્સાહિત કર્યા છે અને હંમેશા તેનું ધ્યાન રાખવાની તાકીદ કરી છે. આપ ﷺ એ ફરમાવ્યું :

«إِنَّ اللَّهَ رَفِيقٌ يُحِبُّ الرِّفْقَ فِي الْأَمْرِ كُلِّهِ»

અર્થાત્, અલ્લાહ ઉદાર છે અને દરેક મામલામાં ઉદારતાને પસંદ કરે છે. (મુત્તફિક અલયહિ)

બીજી હદીસ છે :

«إِنَّ اللَّهَ رَفِيقٌ: يُحِبُّ الرِّفْقَ، وَيُعْطِي عَلَيْهِ مَا لَا يُعْطِي عَلَى الْعُنْفِ»

અર્થાત્, અલ્લાહ ઉદાર છે, ઉદારતાને પસંદ કરે છે અને ઉદારતા અપનાવવા પર એ બધું આપે છે, જે ઉગ્રતા અપનાવવા પર નથી આપતો અને ન તો કોઈ અન્ય ખાસિયત પર પ્રદાન કરે છે. (મુસ્લિમ)

નરમાશ અને ઉદારતા મોમિનને જહન્નમથી દૂર કરે છે અને જન્નતનો હક્કદાર બનાવે છે. રસૂલુલ્લાહ ﷺ ફરમાવ્યું :

«أَلَا أُخْبِرُكُمْ بِمَنْ يَحْرُمُ عَلَى النَّارِ أَوْ بِمَنْ تَحْرُمُ عَلَيْهِ النَّارُ، على كُلِّ قَرِيبٍ هَيِّنٍ، سَهْلٍ»

અર્થાત્, શું હું તમને તેનાથી માહિતગાર કરું જેનાથી આગ હરામ થઈ જાય છે ? એક ઘનિષ્ઠ વ્યક્તિ, એક નરમ અને ઉદાર માણસ તથા એક સરળ વ્યક્તિ પર. (તિરમિઝી, અહમદ)

મોમિન દરેક સાથે નરમાશ અને ઉદારતાનો વ્યવહાર કરે છે, કેમ કે તે જાણે છે કે કાલે કયામતના દિવસે તેનો રબ તેના સાથે નરમાશ અને ઉદારતાનો મામલો કરશે. રસૂલુલ્લાહ ﷺ દુઆ કર્યા કરતા હતા કે –

«اللَّهُمَّ مَنْ وَلِيَ مِنْ أَمْرِ أُمَّتِي شَيْئًا، فَرَفَقَ بِهِمْ، فَارْفُقْ بِهِ»

અર્થાત્, હે અલ્લાહ ! મારી ઉમ્મતના કોઈ મામલાનો જો કોઈ જવાબદાર હોય અને તે લોકોની સાથે નરમાશ અને ઉદારતા અપનાવે, તો તું પણ તેના સાથે નરમાશ અને ઉદારતાનો મામલો કર. (મુસ્લિમ)

www.uzaifalahi.com